# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અખબારી યાદીમાં જણાવે છે કે, ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના તમામ વિદ્યાર્થીઓ માટે ગુણપત્રક, પ્રમાણપત્ર, માઈગ્રેશન અને ડિપ્લોમા અને ITI ના વિદ્યાર્થીઓને ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ સમકક્ષ પરીક્ષા પાસ કરેલ છે તેવું સમકક્ષતા પ્રમાણપત્ર મેળવવા માટે "વિદ્યાર્થી સેવા કેન્દ્ર" બોર્ડની ગાંધીનગરની કચેરી ખાતે કાર્યરત છે.

ઉપરોક્ત તમામ સેવાઓ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી - ૨૦૨૦ થી Online અરજી કરીને સ્પીડ પોસ્ટથી અરજદારે દર્શાવેલ સરનામા પર મોકલવાની વ્યવસ્થા ઉભી કરેલ છે. જેથી કોઈપણ અરજદારે COVID-19 ની આ પરિસ્થિતિમાં પ્રવાસ કર્યા સિવાય ઘરે બેઠા Online અરજી કરવાથી સરળતાથી સ્પીડ પોસ્ટ મારફતે મળે તેવી સુવિધા ઉપલબ્ધ કરેલ છે. ઓનલાઈન પ્રક્રિયા માટે બોર્ડની website www.gsebeservice.com ઉપર જઈ students મેનુ ઉપર ક્લીક કર્યા બાદ online student services માં જવાનું રહેશે. COVID-19 ની હાલની પરિસ્થિતિ ધ્યાને લેતાં કોઈપણ વિદ્યાર્થી કે વાલીને બોર્ડની કચેરીમાં રૂબરૂમાં ઉપરોક્ત પૈકી કોઈપણ દસ્તાવેજ આપવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

જો કોઈપણ વિદ્યાર્થી કે વાલીને ઉપરોક્ત સેવાઓ સબંધિત તકલીફ જણાય તો સ્ટુડન્ટ સર્વિસ સેન્ટરના સંપર્ક નંબર – ૦૭૯ ૨૩૨૫૨૧૦૪ ઉપર કચેરીના કામકાજના સમય દરમિયાન રીશેષના ગાળા સિવાયના સમયમાં પૃચ્છા કરી શકાશે. તેમજ કોઈ લેખિત રજૂઆત કરવી હોય તો ઈ-મેઈલ gsebeservice@gmail.com ઉપર કરી શકાશે.

શાળાના આચાર્યશ્રીઓ, વાલીશ્રીઓ અને વિદ્યાર્થીઓને નોંધ લેવા વિનંતી છે.

તારીખ:- ૨૦/૦૮/૨૦૨૦
સ્થળ:- ગાંધીનગર

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.